જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૭/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૩૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૧	૧૦૨	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૫૦૦	૧૩૫	૬૫૬૩૫	૬૬૧૨૭	૧૫૨	૬૬૨૭૯
કુલ		૮૧૯૬૭	૧૩૬	૮૨૧૦૩	૯૦૪૯૧	૧૫૨	૯૦૬૪૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯	૩,૨૬,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૨૦	૧૨,૨૦,૦૦૦/-

પાસા હેઠળ અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન(૧)

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા રાયોટીંગના ગુનામાં પકડાયેલ આરોપી નામે જીગર ઉર્ફે જીગો ઉર્ફે જેટી સ/ઓ અરવિંદજી જાતે ઠાકોર ઉ.વ.૨૦ રહે.મનુભાઈની ચાલી, નિલકંઠ મહાદેવ પાસે, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૦૩૬૯/૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩ ૨૧૦૯૭૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, તથા એપેડમીક ડિસીઝ એક્ટની કલમ ૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૧૧૨૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૪૪/૨૦૨૧ તા.૨૩/૦૭/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૩/૦૭/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશન(૨)

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે વિસ્તારમાં રાયોટીંગના ગુનામાં પકડાયેલ આરોપી નામે પ્રદિપ ઉર્ફે પંકજ ઉર્ફે ગધો સ/ઓ રમેશભાઈ જાતે ઓડ ઉ.વ.૧૯ રહે. ઝંડાચોક સાંઈબાબા મંદિર પાસે, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, તથા એપેડમીક ડિસીઝ એક્ટની કલમ ૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૧૧૨૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૪૫/૨૦૨૧ તા.૨૩/૦૭/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૧ ના કલાક ૨૩/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૩/૦૭/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૧૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૪૦/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ હરેશકુમાર જયંતીભાઈ વાળંદ (ઉ.વ.૩૪) (રહે.સેકટર-૩ ચાણકયપુરી, ઘાટલોડીયા) એ તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ હરેશકુમારનીબહેને ફોનપે થી પૈસા ટ્રાન્સફર કરતા પૈસા ટ્રાન્સફર ન થતા હરેશકુમારે તા.૦૯/૦૬/૨૦૨૧ નારોજ ગુગલમાં સર્સ કરી ફોન પે કસ્ટમર કેર નંબર મેળવી સંપર્ક કરતા મોબાઈલ નંબર ૮૩૮૯૦૪૭૩૨૯ ના ધારકે ફોન પે કસ્ટમર કેર માંથી વાત કરતા હોવાની ઓળખ આપતા હરેશકુમારે ફોન પે માં પૈસા ટ્રાન્સફર નહી થયા હોવાનુ જણાવતા મોબાઈલ ધારકે ઓનલાઈન પ્રોસેસ કરવાનુ કહી હરેશકુમારના મોબાઈલમાં યુ.પી.આઈ. દ્વારા હરેશકુમારના બેન્કના ખાતામાંથી રૂપિયા ૪૯,૭૮૬ ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.પી.જાડેજા ચલાવે છે.

ચાંદખેડાઃ ઉમેશ સ/ઓ બાલેશ્વર શર્મા (ઉ.વ.૩૯) (રહે. પોદ્દાર હાઇટ્સ, હીરાધન સીટી પાછળ, ચાંદખેડા) એ તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમીતભાઈ સુંદરદાસ બલવાની (રહે. દિવાલી હોમ્સ હિરાધનસીટી પાસે, ચાંદખેડા અને કુલદીપ કરાવેદરા એ ભેગા મળી ઉમેશ શર્માને પોદાર હાઇટ્સ સોસાયટીમાં મકાન વેચાણ આપવા વાત કરી તે મકાન ઉમેશ શર્માએ વેચાણ લેવાનુ જણાવતા મકાન પેટે ઉમેશ શર્મા પાસેથી કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઈ મકાન વેચાણ નહી આપી તેમજ લીધેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

માધવપુરાઃ બિના વા/ઓ ધર્મેશભાઈ પંચાલ (ઉ.વ.૪૯) (રહે. અક્ષરધામ ફલેટ, શાહીબાગ અંડરબ્રીજ સામે શાહીબાગ) એ તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૪૧૧૯૪૮૯૧૯ ના ધારકે બિના પંચાલને ફોન કરી ICICI બેંકના ક્રેડીટકાર્ડમાંથી રિવર્ડ પોઇંટ ના થતા પૈસા પરત કરવાના બહાને બિના પંચાલના ક્રેડીટ કાર્ડનો નંબર મેળવી ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૩૯,૫૦૦/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.ટી.ઉદાવત ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૪૧/૨૦૨૧</u>**

વાડજઃ ધનજીભાઇ જીવાભાઇ ચાવડા (રહે. આંબેડકરનગરની ચાલી બેન્ક ઓફ બરોડા સોસાયટી સામે રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

નારોલઃ નેહા ડો/ઓ નિરજભાઈ મોચી (ઉ.વ.૨૫) (રહે. શિવમપાર્ક સોસાયટી નારોલ અસ્લાલી હાઇવે મનપ્રિત હોટલ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.આમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી